ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા - ગાંધીનગરને આંગણે રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાનો ધમાકેદાર પ્રારંભ થયો હતો... રાજ્યના ૧૨૧ કલાવૃંદો આ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે... એક-એકથી ચડિયાતા ગરબા ગૃપો અને રાસ મંડળીઓ ચાર દિવસ ગાંધીનગરનો મંચ ગજવશે... રાજ્યકક્ષાની ઉત્કૃષ્ટ કલામંડળીઓને માણવાનો ગાંધીનગરાઓને પુરતા પ્રમાણમાં મોકો નહિ મળે એનો ગણગણાટ પણ શહેરમાં સંભળતો હતો...

# સેક્ટર - ૩ અને ૪ના રહેણાંક વિસ્તારમાંથી ૪૦ ઝુંપડા હટાવાયા

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં દબાણો દુર કરવાની ઝુંબેશ અન્વયે છેલ્લા બે દિવસથી સેકટરોમાંથી ઝુંપડાઓ હટાવવામાં આવી રહ્યા છે. દબાણતંત્ર દ્વારા ગઈકાલે પણ સે-૨૩ અને સે-૨૫ માંથી ૫૦ જેટલા ઝુંપડાઓ દુર કરાયા હતા. જયારે આજે પણ સે-૩ ,ન્યુ સે-૪ અને સે-૨૩ ના રહેણાંક વિસ્તારમાં વધતા ઝુંપડાઓને દુર કરાયા હતા. રહેણાંક વિસ્તારમાંથી ૪૦ જેટલા ઝુંપડાઓ દુર કરાયા હતા.

શહેરમાં દબાણની સમસ્યા જટીલ બની છે. જયારે દબાણના મામલે સફાળા જાગેલા તંત્ર દ્વારા કડક કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે દબાણો દુર કરવાના મામલે દબાણતંત્રની કાર્યપધ્ધતિ આમ નાગરિકોના ગળે ઉતરે તેવી નથી. પરંતુ પાકા દબાણો બાદ તુરંત જ હવે સેકટરોમાંથી ઝુંપડાના દબાણો દુર કરવા માટે ટીમ કામે લાગી છે. ગઈકાલે પણ દબાણતંત્ર દ્વારા સેકટરોમાંથી ૫૦ જેટલા દબાણો દુર કરાયા હતા સેકટરોમાં ઝુંપડાઓના દબાણો વધતા સ્થાનિકો માટે પણ અનેક સસ્યાઓ ઉદભવી રહી છે. જયારે સેકટરોમાં દબાણ ઉપરાંત ગંદકીનો પ્રશ્ન પણ વધુ પેચીદો બનતો જાય છે. આવા સંજોગોમાં ઝુંપડાના દબાણો દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આજે પણ દબાણતંત્રએ સે-૩ , ૩ એ ન્યુ, તેમજ સે-૪ અને સે-૨૩ સહીતના રહેણાંક વિસ્તારમાંથી ૪૦ જેટલા દબાણો દુર કરાયા હતા.

# સેકટરોના કંગાળ સરકારી મકાનો તોડી નાંખવા સર્વે

## સરકારી આવાસોનો સર્વે હાથ ધરાયો : સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી જોખમી મકાનોની સંખ્યા વધુ : નવા આવાસો બાંધવા માટે સાઇટનુ પણ હજુ ઠેકાણુ પડતુ નથી

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા પણ સેકટરોમાં સ્થિત જોખમી મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત રીનોવેશન થઈ શકે તેવા કિસ્સામાં મજબુતીકરણ હેઠળ પણ મકાનોને આવરી લેવામાં આવે છે. પરંતુ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી સ્થિતિમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે સેકટરોમાં કંગાળ અને જોખમી આવાસોનો કડુસલો બોલાવી તેના બદલે નવા આવાસો ઉભા કરવાની યોજનાને પણ વેગ આપવામાં આવી રહ્યો છે. સે-૭, ૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોની ઉભી કરવામાં આવી છે જયારે આ નવા મકાનોમાં પણ કર્મચારીઓનો વસવાટ શરૂ થઈ ગયો છે. પરંતુ હજુ પણ તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી છે. મકાન ઈચ્છુક કર્મચારીઆને આવાસ મળતા નથી. બીજીતરફ તંત્ર દ્વારા નવા આવાસો બાંધવા માટે હજુ ૬ મહીનાના અંતે પણ સાઈટ નક્કી થઈ નથી. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોના મામલે સર્વે હાથ ધરાયો છે. જેમાં સેકટરવાઈઝ વિવિધ કક્ષાના મકાનોની શુ સ્થિતિ છે તે ચકાસી તેનો રીપોર્ટ પણ વિભાગને સુપ્રત કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન સેકટરોમાં આવાસો તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. સેકટરોમાં કેટલાક આવાસો રીનોવેશન હેઠળ આવરી લેવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવ્યા બાદ તબક્કાવાર ભયજનક આવસો તોડવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હજુ પણ સેકટરોમાં નવા આવાસો માટે ખુલ્લી જગ્યા મળે અને જુના અને કંગાળ આવાસો તોડવા માટેની કામગીરી ઝડપથી હાથ ધરી શકાય તે માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**સેકટરોમાં કેટલાક આવાસો રીનોવેશન હેઠળ આવરી લેવા માટે પણ આયોજન**

# ઈન્દિરા આવાસ યોજના જાન્યુ. ૧૯થી સંપૂર્ણ બંધ થશે

## સરદાર આવાસ યોજનાના બાકી લાભાર્થીઓ અંગે ૧૦ ઓક્ટો. સુધીમાં સર્વે પૂર્ણ કરી અહેવાલ આપવા સરકારની તાકીદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં અને રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના ડિસે. ૨૦૧૮થી સંપૂર્ણ બંધ કરવામાં આવશે અને સરદાર આવાસ યોજનાના બાકી રહેલા લાભાર્થીઓ અંગે સર્વે કરી ૧૦મી ઓક્ટો. સુધીમાં અહેવાલ આપવા પંચાયત વિભાગે જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્દિરા આવાસ યોજના ૨૦૧૯થી સંપૂર્ણ બંધ કરી દેવાશે અને તે અંગે ભારત સરકાર તરફથી પણ વિધિવત્ જાણ કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાની છેલ્લી સ્થિતિ અંગેનો અહેવાલ તાત્કાલિક મોકલી આપવા માટે જિલ્લાતંત્રને જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત સરકાર આવાસ યોજના જે છે તેમાં પણ બાકી રહી ગયેલા લાભાર્થીઓ અંગે ૧૦મી ઓક્ટો. સુધીમાં સર્વે કરી વિગતવાર અહેવાલ માંગવામાં આવતાં તંત્ર દોડતુ થયું છે.

સરદાર આવાસ યોજના-૧ અને સરદાર આવાસ યોજના-૨ અંતર્ગત જે મકાનો આજે પણ સ્પીલ ઓવર થઈ રહ્યા છે તેની વિગતો આ અહેવાલમાં દર્શાવવાની રહેશે. મળતી વિગતો પ્રમાણે સરદાર-આવાસ યોજનાના ૪૦૦ જેટલા કામો હાલ જિલ્લામાં સ્પીલ ઓવર થઈ રહ્યા છે.

આ યોજનાના જે લાભાર્થીઓ બાકી રહી ગયા છે તેમને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવવા કે કેમ ? તે આખા રાજ્યમાંથી અહેવાલો મળ્યા બાદ નિર્ણય લેવામાં આવશે તેમ પંચાયત વિભાગના સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાઓમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો અને તેના લક્ષ્યાંકો અંગે પણ અહેવાલ આપવા જણાવવામાં આવ્યુ હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

સરદાર આવાસ યોજનામાં લાભાર્થીઓને સહાયના હપ્તા

● અનુસંધાન પાન-૭ પર

# નવરાત પર્વ દરમિયાન શક્તિપીઠના દર્શન માટે ખાસ બસ સેવા શરૂ કરાશે

ગાંધીનગર તા ૪

નવદુર્ગાના નવરાત પર્વમાં શક્તિની ભક્તિ માટે શહેરમાં અનેક ઠેકાણે નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે નવરાત્રિ દરમિયાન માતાજીની પુજા અર્ચના પણ વિશિષ્ટ રીતે થતી હોવાથી અંબાજી સહીતના વિવિધ શક્તિપીઠ પર દર્શન માટે જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ હોય છે. જેને ધ્યાને લઈ ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ભાવિકો માટે નવરાત પર્વ દરમિયાન ગુજરાતના મુખ્ય ચાર શક્તિપીઠ પર જવા માટે ખાસ બસ સેવા દોડવાશે.

નવરાત્રિ એટલે નવદુર્ગાની પુજા અર્ચના માટેનો વિશિષ્ટ અવસર ગુજરાતમાં નવરાત પર્વની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવે છે.જયારે ભાદરવી પુનમ દરમિયાન અંબાજી જતા પદયાત્રીઓની જેમ આસો નોરતામાં પણ શક્તિપીઠના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવે છે. નવરાત્રિ દરમિયાન ગરબા મહોત્સવના આયોજન ઉપરાત શકિતની ભક્તિ માટે પણ વિશેષ આયોજન કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાહકજન્ય રોગચાળા માટે સઘન સર્વેલન્સ કરવા તંત્રને તાકીદ

## મનપા હેલ્થ કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણયો


ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપા વિસ્તારમાં સગર્ભા માતાની વહેલી નોંધણી થાય અને તેના ગર્ભ વિકાસને લઈ અસરકારક મોનીટરીંગ થાય તે માટે મનપા દ્વારા એક ખાનગી સંસ્થા સાથે એમ.ઓ.યુ. કરવાનો નિર્ણય લેવાયો છે.

આજે મનપા હેલ્થ કમિટીની બેઠકમાં આ એમ.ઓ.યુ. અંગેનો સંકેત આપવામાં આવ્યો હતો. નાયબ મ્યુનિ. કમિશ્નર જે.બી. બારૈયાના અધ્યક્ષપદે આજે મળેલ આ બેઠકમાં માતા-મરણ, બાળ-મરણના મુદ્દાઓને લઈ પણ સમીક્ષા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર


# ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૨-૧૯૩૮ સ્વર્ગવાસ તારીખ : ૦૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભૂલશું નહી, વિદાય એવી લીધી કે અમે વિસરશું નહી. છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ, આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી — શોભના જગદીશચંદ્ર સોલંકી

જયશ્રીબેન પુનારામ દેવાંગન

રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર) — જાનકી રિશી દેવાંગન

રાજેશ જાદવભાઈ સોલંકી — દિપીકા રાજેશ સોલંકી

ગીતા મહેન્દ્રકુમાર ભારવા — મહેન્દ્રકુમાર રોશનલાલ ભારવા

હરેશ જાદવભાઈ સોલંકી — સુનિતા હરેશ સોલંકી

પરેશ જાદવભાઈ સોલંકી — પ્રતિમા પરેશ આચાર્ય

દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય — જીંદગી દુષ્યંત આચાર્ય

પાર્થ જગદીશચંદ્ર આચાર્ય — નેહા પાર્થ આચાર્ય

નિશિ ● ધ્રુવા ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ક્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર)


# આજોલ-સરગાસણમાંથી બે સ્વાઈન ફલુના કેસ મળી આવ્યા

## સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૮ પર પહોંચી સરકાર કહે છે ૩૦ કેસો નોંધાયા છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાંથી આજે વધુ ૨ કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૨૮ પર પહોંચી છે. જોકે રાજ્ય સરકારની એપેડેમીક શાખાએ કેસોની સંખ્યા ૩૦ની બતાવી છે.

આજે કલોલ તાલુકાના આજોલ ગામે અને ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દી મળી આવ્યા છે. આ બન્ને દર્દી અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ત્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાતંત્ર દ્વારા આ બન્ને દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરવામાં આવ્યુ છે. પણ કોઈ શંકાસ્પદ કેસ

● અનુસંધાન પાન-૭ પર

# રૂપાલના પલ્લીમેળા માટે ૧૧ મી એ દુકાનોના પ્લોટ માટે વેચાણ

ગાંધીનગર તા ૪

રૂપાલ ખાતે યોજાતા વરદાયિની માતાના પલ્લીમેળામાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. જેને ધ્યાને લઈ આનુસંગિક વ્યવસ્થાઓ જળવાઈ રહે તે મુજબ પર્વ તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. આગામી તા ૧૮ ઓકટોબરના રોજ રૂપાલમાં પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે ગાંધીનગર , માણસા,કલોલ તેમજ અમદાવાદના એસ ટી ડેપોથી બસ સુવિધા મળી રહે તેવુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.જયારે પલ્લીમેળા દરમિયાન દુકાનો માટે પ્લોટનુ વેચાણ કરવા માટેની પ્રક્રીયા તા ૧૧ ઓકટોબરના રોજ સવારે ૧૧ કલાકે હાથ ધરાશે તેમ ગામના સરપંચ જસવંતભાઈ ત્રિકમભાઈ પરમારે જણાંવ્યુ છે.


# ૨૫મી વાર્ષિક તિથીએ ભાવાંજલિ



**સ્વ. ચિમનભાઈ ચંદુભાઈ રાઠોડ**

સ્વ. તા. ૫/૧૦/૧૯૯૪

એ દિવ્ય કોટિ આત્માને અમારા કોટિ કોટિ વંદન...
આપના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના...

રાઠોડ પારૂલબેન ચિમનભાઈ (પત્ની)

રાઠોડ હિતેશભાઈ ચિમનભાઈ (પુત્ર) — રાઠોડ સ્નેહા હિતેન્દ્રભાઈ (પુત્રવધુ)

રાઠોડ દેવેન્દ્રભાઈ ચિમનભાઈ (પુત્ર) — રાઠોડ દિપ્તી દેવેન્દ્રભાઈ (પુત્રવધુ)

રાઠોડ કલ્પ હિતેન્દ્રભાઈ (પૌત્ર)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## નામ બદલેલ છે

મારું નામ ત્રિવેદી દિનેશચંદ્ર અનંતરામ હતું તે બદલીને ત્રિવેદી દિનેશ અનંતરાય કરે છે.

લી.

ત્રિવેદી દિનેશ અનંતરાય
પ્લોટ નં. ૧૦૨૪/૨,
સેક્ટર-૧૩/સી, ગાંધીનગર


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT | BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com